# જ્ઞાન અને અભ્યાસક્રમ

યુનિટ :1.3

જ્ઞાનના સ્ત્રોતો અને પ્રકારો (સંકલ્પનાત્મક જ્ઞાન )

Dr.Darshana M. Patel
Assistant Professor
S.U.G.College of Education .

# જ્ઞાનનો સ્રોત :“સંકલ્પનાત્મક”(conseptual)

અર્થ :

- સંકલ્પના એ વાસ્તવમાં જ્ઞાનપ્રાપ્તિની નીપજ છે. આપણે ખુરશીને ખુરશી તરીકે ઓળખીએ છીએ તે ‘ખુરશી’ની આપણી સંકલ્પના દર્શાવે છે. આપણી પાસે સંકલ્પનાત્મક જ્ઞાનનો ભંડાર છે .આપણે જેટલા શબ્દો જાણીએ છીએ તે દરેકની ચોક્કસ સંકલ્પના હોય છે. જેમકે ,
- પાણી
- કાકા
- છોડ
- નદી
- પુષ્પ ,વગેરે
- જ્ઞાનપ્રાપ્તિ કોઈ પણ માર્ગે થઈ હોય પરંતુ છેવટે જે જ્ઞાન નિર્માણ થાય છે તે ‘સંકલ્પના’ સ્વરૂપે જ હોય છે. દરેક શબ્દ ચોક્કસ સંકલ્પના ધરાવે છે. તમામ જ્ઞાન કોઈને કોઈ સંકલ્પના ધરાવતું હોવાથી આપણે કહી શકીએ કે તમામ જ્ઞાન સંકલ્પનાત્મક જ્ઞાન છે.

- સંકલ્પનાત્મક જ્ઞાનને જ્યારે આપણે જ્ઞાનના એક સ્ત્રોત તરીકે લઈએ છીએ ત્યારે સંકલ્પના પ્રાપ્તિ દરમિયાન જે પ્રક્રિયા થાય તે પ્રક્રિયાને આપણે સ્રોત તરીકે લઈ શકીએ.' ખુરશી'ની 'ખુરશી' તરીકેની આપણી સંકલ્પના કઈ પ્રક્રિયામાંથી પસાર થઈને વિકાસ પામી છે? તે પ્રક્રિયા આપણા સંકલ્પનાત્મક જ્ઞાનનો સ્રોત બને છે.બ્રુનર તેઓના પુસ્તક 'વિચારોનો અભ્યાસ' માં નોંધ કરે છે કે

"સંકલ્પનાઓ આપણને આસપાસની દુનિયાની વસ્તુઓ ઓળખવામાં મદદ કરે છે." દરેક સંકલ્પનાનાં આવશ્યક લક્ષણો :

1. નામ
2. ઉદાહરણો
3. લક્ષણો
4. નિયમો

- સંકલ્પનાત્મક જ્ઞાન 'ઓળખ'ની સાથે વિશેષ સંબંધ ધરાવે છે.

# જ્ઞાનના સ્રોત તરીકે 'સંકલ્પનાત્મક' લક્ષણો:

૧. જ્ઞાન પ્રાપ્તિ ના હેતુઓ :

- કોઈ વસ્તુ કે બાબત અંગે માહિતી મેળવવી પ્રત્યક્ષ કે પરોક્ષ અનુભવ માં આવતી વસ્તુઓની ઓળખવી

૨. જ્ઞાન પ્રાપ્તિની પ્રક્રિયા:

- નવીન સંકલ્પના ના શબ્દ અને સંકેત નું જોડાણ થાય છે. સંકલ્પનાના શબ્દના લક્ષણોને ઓળખવામાં આવે છે.
- જેમકે સાયકલ સમજ સંકલ્પના ના ઉદાહરણો અને ઉદાહરણો વચ્ચે ભેદ પારખવામાં આવે છે.સમાન લક્ષણો ધરાવતી બાબતો સંકલ્પના પ્રાપ્તિ ની પ્રક્રિયામાં વિક્ષેપ ઊભો કરે છે જેમકે ગાયને ચોપગું પ્રાણી કહીએ તો ભેંસ પણ ચોપગું પ્રાણી હોવાથી બંને એક છે કે શું ? જેવા વિક્ષેપ આવે છે .
- સંકલ્પના પ્રાપ્તિ ની પ્રક્રિયા તુલનાત્મક હોય છે.

  જેમ કે પેન અને પેન્સિલ
- સંકલ્પના પ્રાપ્તિ દરમિયાન માહિતી વર્ગીકૃત બનતી જાય છે.

૩. જ્ઞાનપ્રાપ્તિ ના સાધનો :

- વ્યક્તિ
- અન્ય વ્યક્તિ અને
- પર્યાવરણ
- જ્ઞાતા અને જ્ઞેયનો સંબંધ સંકલ્પના નિર્માણ કરે છે.

# જ્ઞાનના સ્રોત તરીકે ‘સંકલ્પનાત્મક’ લક્ષણો:

4. જ્ઞાનની ચકાસણી :

સંકલ્પનાના યોગ્ય ઉદાહરણો  અને બિન ઉદાહરણો રજૂ કરે. જેમકે શાકભાજીના નામ પૂછવામાં આવે તો તે રજૂ કરે અને કોને શાકભાજી ન કહી શકાય તેના  નામ પણ રજૂ  કરે.

5 .  જ્ઞાન પ્રાપ્તિની નીપજ :

સંકલ્પનાની નીપજ તરીકે દરેક સંકલ્પનાના ઉદાહરણો અને બિન ઉદાહરણો હોય છે.

શબ્દ અને તેની છાપ કે પ્રતિમા સ્વરૂપે સંકલ્પના સંગ્રહિત  થાય છે.

જેમ કે રીંગણ કહીએ તો તે શબ્દની છાપ પ્રતિમા કે ચિત્ર સ્વરૂપે મનમાં ઊભરી આવે છે.

સંકલ્પનાત્મક જ્ઞાનની  નીપજ એટલે આપણી પોતાનો શબ્દકોશ (પોતાની  ડીક્ષનરી) સંકલ્પનાઓ જોડકા કે ઝૂમખાં તરીકે સચવાય છે. જેમ કે ,

- વૃક્ષ
- છોડ
- વેલો વગેરે
- લીમડો, પીપળો, બાવળ વગેરે વૃક્ષના ઝૂમખા હેઠળ સ્મૃતિપટ પર સંગ્રહિત થાય છે.
- સંકલ્પના સમાનાર્થી કે વિરુદ્ધાર્થી શબ્દોના જોડકાં  સ્વરૂપે સચવાય છે જેમકે
- આકાશ- ગગન
- પાપ-પુણ્ય
- સુખ- દુઃખ
- નાનું-મોટું
- દૂર- નજીક વગેરે .

# જ્ઞાનના સ્ત્રોત તરીકે ‘સંકલ્પનાત્મક’ લક્ષણો:

- 6 . પ્રાપ્ત જ્ઞાનનું સ્વરૂપ :
- વૈજ્ઞાનિક બાબતોની સંકલ્પના સાર્વત્રિક સ્વરૂપ નો અર્થ ધરાવે છે જેમ કે બળનો વૈજ્ઞાનિક અર્થ બધે સમાન થાય.
- સામાજિક અને ધાર્મિક સંકલ્પનાઓ વ્યક્તિગત અર્થ ધરાવે છે. જેમ કે ,

  ન્યાય,

  પ્રામાણિકતા

  સત્ય

  પ્રેમ વગેરે શબ્દોનો અર્થ દરેક અલગ અલગ કરે છે. વૈજ્ઞાનિક શબ્દ બળ અને દબાણ જ્યારે સામાજિક કે ધાર્મિક સંદર્ભમાં વાપરવામાં આવે છે ત્યારે તેના અર્થ વ્યક્તિગત બની જાય છે.
- સંદર્ભ બદલાતા સંકલ્પનાત્મક શબ્દોના અર્થ બદલાઈ જાય છે જેમકે,

  ગામનું તળાવ અને કાંકરિયા તળાવ. તળાવ શબ્દ એક જ છે પરંતુ સંદર્ભ બદલાતા તેનો આકાર, દેખાવ, આસપાસનું વાતાવરણ વગેરે તમામ ચીજો બદલાઈ જાય છે.

  એ જ રીતે પર્વત –ગિરનાર અને હિમાલય
- સંકલ્પના પરિવર્તનશીલ હોય છે.

  ઉદાહરણ ગાય ચોપગું પ્રાણી છે.એટલે ચોપગું પ્રાણી એટલે ગાય જ એવી સંકલ્પના હોય છે .પણ ભેંસ પણ ચોપગું પ્રાણી છે.અન્ય પ્રાણીઓ પણ ચોપગાં હોય છે. ઘણા બધા પ્રાણીઓ ચોપગાં હોય છે. એટલે સંકલ્પનામાં પરિવર્તન આવે છે .
- સંકલ્પના આંતર સંબંધો ધરાવે છે.તે એકબીજા સાથે જોડાયેલ હોય છે.

  ઉદા . ‘કાકા’ શબ્દ ને યાદ કરીએ એટલે પિતાજી, દાદા, ભાઈ શબ્દ વગેરે શબ્દો યાદ આવે.

  ‘બગીચો’ શબ્દને યાદ કરીએ એટલે જુદા જુદા વૃક્ષો,વેલાઓ,ફૂલ-છોડ વગેરે .

# સંકલ્પનાત્મક જ્ઞાનપ્રાપ્તિની પ્રક્રિયાના સોપાનો :

1. માહિતીની રજૂઆત અને સંકલ્પના ની ઓળખ :

દાખલા તરીકે સફરજનની સંકલ્પના શીખવી હોય તો તેના રંગ, આકાર,પગે સ્પષ્ટ કરવા અને બિનઉદાહરણ તરીકે અન્ય ફળ જેવા કે કેરી ચીકુ વગેરે રજુ કરવા .

2. સંકલ્પના પ્રાપ્તિ ની ચકાસણી :

વિદ્યાર્થીઓને પ્રાપ્ત સંકલ્પનાના ઉદાહરણો અને બિનઉદાહરણો રજૂ કરવાનું કહેવામાં આવે છે.

૩. વિદ્યાર્થીઓની વિચાર યોજનાઓનું પૃથક્કરણ :

ખોટું ઉદાહરણ આપે છે તો તેનું કારણ શું છે ખોટું બિન ઉદાહરણ આપે છે તો તેનું કારણ તપાસવું.

આમ, વિદ્યાર્થીઓની વિચાર યોજનાઓમાં જે જગ્યાએ ભૂલ થતી હોય તે જગ્યાએ સ્પષ્ટ રીતે ઓળખીને સુધારો કરવો.

# સંકલ્પનાત્મક જ્ઞાનનું મહત્વ:

1 . ઓળખ :

સંકલ્પનાઓ ને આધારે ભૌગોલિક સામાજિક સાંસ્કૃતિક કૌટુંબિક વગેરે શબ્દોની ઓળખ અને અર્થ પ્રાપ્ત થાય છે .

2 .ભેદ પારખવા માટે :

સંકલ્પનાત્મક જ્ઞાન સામ્યતા ધરાવતા શબ્દો વચ્ચેનું ભેદ પારખવામાં ઉપયોગી નીવડે છે જેમ કે  દિન અને દીન

૩. સમાનતાની ઓળખ :

સંકલ્પનાત્મક જ્ઞાન બે વસ્તુઓ વચ્ચે રહેલ સમાનતાને  ઓળખવામાં મદદ કરે છે જેમ કે

માસી અને મામા બંને  માતૃ પક્ષ સંકળાયેલા છે.

4. આંતર સંબંધ સ્પષ્ટ થાય:

કેટલાક શબ્દોની સંકલ્પના અન્ય શબ્દો સાથે આંતર સંબંધો ધરાવે છે જેમકે,

છત્રી શબ્દ યાદ કરતાં ચોમાસું યાદ આવે . સ્વેટર શબ્દ યાદ કરતાં શિયાળો યાદ આવે છે.

5. માહિતીના સરળીકરણ માટે:

સંકલ્પનાત્મક જ્ઞાન માહિતીને સરળ કરે છે.

સમાન લક્ષણો ધરાવતી સંકલ્પનાઓ એક વર્ગ હેઠળ યાદ રહેતી હોવાથી માહિતી વચ્ચે   ગૂંચવાડો ઊભો થતો નથી .જેમ કે,

મૂળો, ગાજર, બટાકા, સૂરણ,  વગેરે કંદમૂળ તરીકે યાદ રાખવામાં સરળતા રહે છે.